# રાંધેજા ગામે ધિંગાણું

## યુવતીની છેડતીના મામલે બે જૂથો વચ્ચે અથડામણ બંને પક્ષોએ સામ-સામે ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામે યુવતીની છેડતી બાબતે ગામના જ બે જૂથો વચ્ચે જોરદાર ધિંગાણું થયું હતું અને લાકડીઓ ઉછળી હતી જેમાં ત્રણ વ્યકિતઓની નાની-મોટી ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે બંને પક્ષોએ સામ સામે ક્રોસ ફરિયાદ નોંધાવતા પોલિસ ફરિયાદ નોંધી છે. જે અંગે નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી.સેલ અને પેથાપુર પોલીસ તપાસ ચલાવી રહ્યા છે. આ પરિસ્થિતિ વધુ ના વકરે તે માટે રાંધેજા ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામમાં આવેલ બુટભવાની મંદિરની આગળથી રાવળ પરીવારની એક યુવતી ત્યાંથી પસાર થઈ રહી હતી. ગામના જ પરમાર પરિવારના એક યુવકે યુવતીની છેડતી કરવા બાબતે બંને જૂથો સામ આમે આવી ગયા હતા અને ઉગ્ર બોલાચાલી થઈ હતી. દરમિયાન આ સમગ્ર મામલો બિચકતા બંને જૂથો વચ્ચે પથ્થરમારો થયો હતો અને રાવળ પરિવારના ચાર ઈસમો મનીષકુમાર કેશવલાલ પરમારને લાકડીઓ અને ધોકા વડે જોરદાર મારમારી તેને લોહી લુહાણ કરી દીધો હતો. આ ધિંગાણામાં મનીષ પરમાર ઉપરાંત અન્ય બે વ્યકિતઓને ઈજાઓ થવા પામી હોવાથી તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે પેથાપુર પોલીસને જાણ થતા પોલીસ કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવી હતી અને સમગ્ર પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. આ સમગ્ર ઘટનામાં ફરિયાદી મનીષકુમાર કેશવલાલ પરમારે, લાલાભાઈ કાંતિભાઈ રાવલ, ચંદુભાઈ કાળીદાસ રાવળ, નટુભાઈ કાળીદાસ રાવળ, જીતેન્દ્ર નટુભાઈ અને મહેશ ચુતરભાઈ રાવળ (તમામ રહે. રાંધેજા ગામ રાવળવાસ) સામે જાતિય ટિપ્પણી કરવા બદલ એકટ્રોસીટી અને મારામારીની ફરિયાદ નોંધાવી હતી જયારે રાવળ પરિવારની યુવતીએ પણ સામે ફરિયાદ આપતા પોલીસે બંનેની સામ સામે ફરિયાદ નોંધી હતી અને આ પરિસ્થિતિ વધુ ના વણસે તે માટે ત્યાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ આ મામલે નાયબ પોલીસ અધિક્ષક કે.એસ. ત્રિવેદી તપાસ ચલાવી રહ્યા છે.



મહાશિવરાત્રીની મહાપૂજા-ગાંધીનગરના પાદરે દૂધસાગર ડેરી અને મિલ્ક ફેડરેશનના ચેરમેન વિપુલ ચૌધરીના નિવાસસ્થાને યોજાયેલ. ભગવાન શિવની ચાર પ્રહરની પૂજાના કાર્યક્રમમાં અઢીસો ઉપરાંત ભાવિક દંપતિઓ પૂજામાં જોડાયા હતા. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી સહિત રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો તથા ગાંધીનગર શહેર-જિલ્લાના તથા મહેસાણા જિલ્લાના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવતા ૧૦૦ કિસ્સામાં તંત્ર કોર્ટ કેસ દાખલ કરશે

### અગાઉ નોટીસની બજવણીના અંતે પણ આવાસનો કબજો પરત કર્યો નથી

ગાંધીનગર, તા. ૧૧

શહેરના સરકારી આવાસોમાં વસવાટ કરતા સીધી ભરતી હેઠળના કર્મચારીઓને છૂટા કરાયા બાદ પણ મકાનોનો કબજો પરત ન કરતા આવા ૧૦૦થી વધુ કિસ્સામાં તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે.

નગરમાં વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના આવાસમાં અનઅધિકૃત ભોગવટો તેમજ ઉપભોગમાં હેતુફેરના કિસ્સાઓ ચકાસવા તંત્ર દ્વારા સમયાંતરે તપાસ હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ કર્મચારીઓની બદલી તેમજ અવસાનના કિસ્સા બાદ લાંબા સમય સુધી મકાનોનો કબજો પરત ન કરતા હોય તેવા ગેરકાયદેસર કબજેદારો સામે કોર્ટ રાહે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉના મંત્રીમંડળના સીધી ભરતી હેઠળના કર્મચારીઓને સંબંધિત કક્ષાના સરકારી આવાસની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે સીધી ભરતી હેઠળના આવા કર્મચારીઓને છુટા કરાયા બાદ તંત્ર કક્ષાએથી પણ મકાન ખાલી કરી દેવા નોટીસ આપવામાં આવી હતી. આમ છતા નોટીસની બજવણીના અંતે પણ કર્મચારીઓ મકાન ખાલી ન કરતા તંત્ર દ્વારા વધુ આકરા પગલા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારી આવાસમાં અનઅધિકૃત ભોગવટો ધરાવતા હોય તેવા ૧૦૦ થી વધુ કિસ્સામાં તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવામાં આવનાર છે.

## દેનાબેંકના ચેરમેન અશ્વનીકુમાર આવતીકાલે ગુજરાત આવશે



દેનાબેંકના ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર અશ્વનીકુમાર તા. ૧૩ માર્ચ-૨૦૧૩ના રોજ ગુજરાત રાજ્યની મુલાકાત કરશે. તેઓશ્રી દેનાબંકની મહેસાણાક્ષેત્રની, ગ્રામીણ શાખા-ચાડાનું ઉદ્ઘાટન કરશે. દેનાબેંક ગુજરાતની અગ્રણી બેંક છે જેની પ્રાયોજિત બેંક દેના ગુજરાત ગ્રામીણ બેંક છે જે ગુજરાતના ૭ જિલ્લાઓમાં કાર્યરત છે. તેઓશ્રી ગાંધીનગર ખાતે દેના ગુજરાત ગ્રામીણ બેંકના શાખા પ્રબંધકોને પણ સંબોધન કરશે.



રવિશંકર દાદા અમર રહો... ગાંધીનગરના મધ્યમાં પૂજ્ય રવિશંકર મહારાજની પ્રતિમાને તેમના જન્મદિવસ મહાશિવરાત્રીના પાવન પર્વે શહેર વસાહત મહામંડળ દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતની સ્થાપના જેમના આશીર્વાદથી થઈ છે એવા સેવામૂર્તિ રવિશંકર દાદાની જન્મજયંતિએ નગરના નાગરિકો દ્વારા સ્મરણાંજલિ સ્વરૂપે પુષ્પો અર્પણ કરી તેમના ચરણે પ્રાર્થના કરી હતી.

(તસવીર : દિપક જાની)

## વિટકોસની સાદરા બસ સેવા પુનઃ ચાલુ કરવા ગ્રામજનોની માગણી

સાદરા, તા.૧૧

સાદરા ગામેથી વિટકોસ બસની સુવિધા ચાલુ હતી. પરંતુ અગમ્ય કારણોસર છેલ્લા ૩ માસથી બંધ કરવામાં આવી છે. જેના કારણે ગુજરાત વિદ્યાપીઠ સાદરામાં અભ્યાસ કરતા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેમજ સંસ્થામાં નોકરી કરતા કર્મચારીઓને ખૂબ જ મુશ્કેલી પડી રહી છે.

આ ઉપરાંત સાદરા ગામે શ્રધ્ધાળુઓ જક્ષણીમાતાએ દર્શનાર્થે આવતા હોય છે. સાદરાની આજુબાજુના ગામોના લોકો ધંધો રોજગાર સાથે સંકળાયેલ છે. આ પરિસ્થિતિમાં વીટકોસની બસ સેવા બંધ થયેલ છે. એસ.ટી.ના પુરતા રૂટ પણ નથી. આથી સમગ્ર સાદરા વાસીઓએ તાત્કાલિક વિટકોસ બસ રૂટ દર કલાકે પુનઃ શરુ કરવાની માગણી કરેલ છે. જો આ માગણી નહિ સંતોષાય તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો રાહ અપનાવશે. જેના માટે સાદરા ગ્રામ સંઘર્ષ સમિતિની રચના પણ કરેલ છે.

## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના એચ.એસ.સી.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સરગાસણ ગામે આવેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. માર્ચમાં યોજાનારી એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પુરી કરે તે માટે શાળા પરિવાર વતી આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા.

સંસ્થાના વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા તથા મેનેજમેન્ટ તેમજ શિક્ષકો દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે તે માટે આશીવર્ચન પાઠવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ બે વર્ષ દરમિયાન પોતાના અનુભવો રજૂ કર્યા હતા. સંસ્થાના પ્રમુખ વૈષ્ણવભાઈએ પણ બાળકોને પરીક્ષામાં ધ્યાન રાખીને સભાન અવસ્થામાં જવાબો લખવા જણાવ્યું છે. મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયાભાઈએ વિદ્યાર્થીઓને પરીક્ષા અંગેની તેમજ જીવનમાં ઉપયોગી મહત્વની સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાહુલભાઈ પટેલે કર્યું હતું.

## લિંબડીયા પાટીયા પાસે ત્રિપલ અકસ્માત : એકનું કરૂણ મોત

### વહેલી સવારે લકઝરી, છોટાહાથી અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા-નરોડા હાઈ-વે પર લિંબડીયા ગામના બસ સ્ટેન્ડ પાસે આજે સવારના સુમારે લકઝરી, છોટાહાથી, રિક્ષા વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. બાદમાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચિલોડા-નરોડા હાઈ-વે પર લિંબડીયા ગામના પાટીયા પાસે આજે સવારના સુમારે ચિલોડાથી નરોડા તરફ જતી લકઝરી બસ જીજે-૧-સીઝેડ-૫૩૭૯ના ચાલકે ઓવરટેક કરતી વખતે લકઝરીનાચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા સામેથી આવી રહેલા છોટાહાથી નં. જીજે-૯-વી-૯૫૪૨ સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. તેમજ છોટા હાથીના ચાલક રાજુજીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે છોટાહાથીમાં સવાર દશરથ સોનજીભાઈ પટ્ટણી (રહે. પંચદેવ મંદિર સામે, અંબર સિનેમા હિંમતનગર)ને અને વધુમાં છોટા હાથી ટેમ્પોની પાછળ આવી રહેલ રિક્ષા નં. જીજે-૧-બી-એકસ-૧૧૫૯ પણ ટેમ્પોની પાછળ ઘુસી ગઈ હતી અને ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ સંદર્ભે દશરથ સોનજીભાઈ પટ્ટણીએ ફરિયાદ નોંધાવતા ડભોડા પોલીસે ગુનો નોંધાવતા વધુ તપાસ એન.સી. રાઠવા ચલાવી રહ્યા છે.

## આજે એઈડ્સ વિરોધી રેલી નીકળશે

ગાંધીનગર, તા. ૧૧

બાપુ ગુજરાત નોલેજ વિલેજ એન્જિનિયરીંગ અને ફાર્મસી કોલેજ ઉનાવા દ્વારા રેડ રીબીન કલબ ગુજરાત એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીના સહયોગથી એઈડ્સ જાગૃતિ રેલી યોજવામાં આવનાર છે. આ રેલી સવારે ૯.૪૫ કલાકે ચ-૫ થી નિકળશે. ત્યારબાદ ઘ-૫, સે.૨૮ ગાર્ડન સમાપ્ત થશે. જેમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે. વિધાનસભા વિપક્ષના નેતા તેમજ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલા રેલીનું પ્રસ્થાન કરાવશે.

## જિલ્લાના ૧૪ પેટ્રોલ પંપ અને હોટલો પર એસ.ઓ.જી.ના દરોડા

### જાહેરનામાનો ભંગ કરી સીસીટીવી કેમેરા ન લગાવવા બદલ હોટલ અને પંપ માલીકો સામે ફરિયાદ દાખલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સમાવિષ્ટ કેટલાક સ્થળોએ આવેલ પેટ્રોલ પંપ અને હોટલો પર માલિકો દ્વારા સીસીટીવી કેમેરા ન લગાવી કલેકટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ પંપ અને હોટલ માલિકો વિરૂદ્ધ એસ.ઓ.જી. પોલીસે અલગ અલગ પોલીસ મથકમાં ગુનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર જિલ્લા એસ.ઓ.જી. પોલીસની ટીમને આજે ગાંધીનગર શહેરમાં તેમજ જિલ્લાના કેટલાક પેટ્રોલ પંપ અને હોટલોમાં કલેક્ટરના આદેશ મુજબ માલિકો દ્વારા સી.સી. ટીવી કેમેરા લગાવ્યા છે કે નહિ તેની તપાસ હાથ ધરી હતી જેમાં ચિલોડા ડભોડા વિસ્તારના ૩ પેટ્રોલ પંપ અને ૨ હોટલો, અડાલજમાં ૧ પેટ્રોલ પંપ, કલોલમાં શિવાની અને આરીન નામના ગેસ્ટહાઉસ, ડભોડાની ૨ હોટલો ૧ પેટ્રોલ પંપ, જ્યારે શહેરના ઘ-૫ના પ્રજ્ઞા પેટ્રોલ પંપ, ઘ-૦ના યોગી પેટ્રોલ પંપ અને ઈન્ફોસીટીમાં આવેલ માતારાની તેમજ આશાપુરા રેસ્ટોરન્ટમાં નિયમ મુજબ હોટલ અને પેટ્રોલ પંપના માલિકોએ સીસી ટીવી કેમેરા ન લગાવ્યા હોવાનું માલુમ પડતા એસઓજી ટીમે તમામ વિરૂદ્ધ અલગ-અલગ પોલીસ મથકમાં જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધાવ્યો હતો. જે સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જાયન્ટસ્ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

જાયન્ટસ્ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા ડૉ. ભાવેશ પટેલનું 'ગુસ્સા પર નિયંત્રણ કેવી રીતે મેળવવું' અંગેનું વ્યાખ્યાન તાજેતરમાં બલરામ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાયું હતું.

ગુસ્સા પર નિયંત્રણ કેવી રીતે મેળવવું, વ્યવસાય અને જીવન વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું, તનાવમુક્ત જીવન અને ઈમોશનલ ઈન્ટેલિજન્સ વગેરે બાબતો પર ડૉ. ભાવેશ પટેલે પ્રવચન આપ્યું હતું. આ જાહેર પ્રવચનમાં ગાંધીનગર મહાનગરપાલિકા મ્યુનિસિપલ કમિશનર લલિતભાઈ પાડલીયા આઈ.એ.એસ. હાજર રહ્યા હતા. જાયન્ટસ્ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩-સીના યુનિટ ડાયરેકટર સાંકાભાઈ પટેલે ખાસ હાજરી આપી હતી. શહેરના અનેક મહાનુભાવોએ આ પ્રસંગનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત પ્રમુખ બાબુભાઈ પટેલે કર્યું હતું તથા આભારવિધિ રમેશભાઈ પટેલે કરી હતી.



વિદેશ જાઓ
સારૂ કમાઓ
પરંતુ
છેતરપીંડી કરનારા એજન્ટોથી સાવધાન રહો

વિવિધ સ્થળોએ જાઓ
કાયદાકિય રીતે જાઓ
ખુશ રહો

માત્ર એજન્ટોના શબ્દોના આધારે ન રહો

આટલુ ચકાસો :

- રીક્રુટીંગ એજન્ટ પ્રોટેક્ટર જનરલ ઓફ ઈમિગ્રન્ટસ (PGC) સો નોંધાયેલો હોવો જોઈએ અને માન્ય રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ હોવું જોઈએ.
- આપની પાસે માન્ય 'વર્ક' વિઝા' હોવો જોઈએ 'વિઝિટ' વિઝા નહી.

જો આપની પાસે ઈસીઆર પાસપોર્ટ છે અને જો આપ કોઈ ઈસીઆર દેશમાં જઈ રહ્યા છો તો આ ચકાસો.

- આપનો વર્ક કોન્ટ્રાક્ટ આપ જે દેશમાં જઈ રહ્યા છો ત્યાંના ઈન્ડિયન મિશન દ્વારા પ્રમાણિત હોવો જોઈએ (જો આમ અનસ્કીલ્ડ વર્ક માટે જઈ રહ્યા હો તો)
- ઓફિસમાંથી ઈમિગ્રેશન કલીયરન્સ આપે મેળવી લેવાનું રહેશે.

વધુ માર્ગદર્શન માટે સંપર્ક કરો
ઓવરસીઝ વર્કસ રીસોર્સ સેન્ટર
દુનિયામાં ગમે ત્યાંથી મોબાઈલ અને લેન્ડલાઈન દ્વારા નંબર ઉપલબ્ધ છે +૯૧-૧૧-૪૦૫૦૩૦૯૦
ટોલ ફ્રી નંબર (બીએસએનએલ/એમટીએનએલ લેન્ડલાઈન) : ૧૮૦૦૧૧૩૦૯૦

દરિયાપારના ભારતીયોની બાબતોનું મંત્રાલય (MOIA) ભારત સરકાર
વેબસાઈટ : www.moia.gov.in
e-mail:info@moia.nic.in

વિદેશ જતાં પહેલા આપના બધા જ દસ્તાવેજોની ઝેરોક્ષ કોપીનો સેટ આપના ઘરે રાખો.

davp 29101/13/0018/1213

## સમાચાર ઝલક

- દિલ્હી ગેંગરેપ દામિનીના મુખ્ય આરોપીની તિહાર જેલમાં આત્મહત્યા.
- ગુજરાતમાં સોના-ચાંદીના ઝવેરી બજારમાં સોનીભાઇઓની હડતાળ.
- જૂનાગઢ એચઆઇવી મુદ્દે સીબીઆઇ ૧૨મી વખતે જૂનાગઢની મુલાકાતે.
- દિલ્હી પહોંચી યમુના બચાવો રેલી.
- આસામના મુખ્યપ્રધાન તરૂણ ગોગોઇની બેગ મહાકુંભનાં મેળામાં ચોરાઇ.
- સ્પેનમાં આર્થિક મંદીથી દેખાવો.
- બેંક લોન પરત જમા નહિ કરે તો કરજદારોના ફોટા જાહેરાતમાં આવશે.
- મીરઝાપુર કોર્ટમાં આરોપીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો.
- નર્મદાબંધની ઊંચાઇ વધારવા માટે વડાપ્રધાનને મળતા ગુજરાતનાં સાંસદો.
- લાઠીચાર્જના મુદ્દે દેશભરમાં વકીલોની હડતાળ.
- દહેગામ - ઉત્કંટેશ્વરના રસ્તામાં ગમખ્વાર અકસ્માતમાં પાંચનાં મૃત્યુ.
- દાંતીવાડા નજીક મંદિરની મૂર્તિઓ ખંડિત કરાઇ, ધર્મપ્રેમીઓમાં રોષ.
- બોપલમાં રાત્રી લૂંટારૂઓનાં ૩ આરોપીઓ ઝડપાયા.